વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ-૪૨ : અંક-૧૭-૧૮ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : ઑગસ્ટ ૨૨, સપ્ટેમ્બર ૬, ૨૦૨૪

# વરસાદ વરસાદ ! : નુકસાન નુકસાન !

વરસાદ તો આનંદનો વિષય છે. પશુપક્ષી મનુષ્યોને પાણી મળે. ખેતી થાય, પાક વવાય, વૃક્ષો વિકસે અને ફેલાય. પણ, તાજેતરના વર્ષોમાં વરસાદ નુકસાન કેમ વધારે કરે છે તેમ 'સેવા'ની બહેનો પૂછે છે. વાંચો નુકસાનના અહેવાલો.

## કચ્છના રણમાં જળબંબાકાર

કચ્છ જિલ્લામાં ગયા વર્ષે જૂન માસમાં જે બીપોરજોય વાવાઝોડાની અગાઉથી જ જાણ હતી તેથી તેઓ વાવાઝોડાથી સાવચેત રહેવા તૈયારી કરેલ જેમાં ઘરવખરી ઠેકાણે મૂકી અને કરીયાણું આગળથી ખરીદેલ. પોતાની અમૂલ્ય વસ્તુ જેમ કે, જમીનના કાગળ, દાગીના, રોકડ રકમ, પોતાના ડોક્યુમેન્ટ્સ (આધાર કાર્ડ, પાન કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, બેંક પાસબુક) જેવા પહેલેથી જ સાચવીને રાખેલા. બાળકો માટે નાસ્તા બનાવી રાખેલ અને સરકારી તંત્ર પણ સૌ જાગૃત હતા. બીપોરજોય વાવાઝોડામાં માનવજાત કે પશુધનમાં એટલું નુકસાન નહોતું.

અત્યારે જે ઓગસ્ટ માસમાં અતિવૃષ્ટિ અને વાવાઝોડાથી આપણા સભ્યોની પરિસ્થિતિ કફોડી બની ગઈ છે. પહેલો વરસાદ પડ્યો ત્યારે સભ્યોએ વાવેતર કરી દીધું હતું એને દોઢેક મહિના જેવું થઇ ગયું હતું. સભ્યો વરસાદની રાહ જોઈ રહ્યા હતા અને પાક પણ લગભગ તૈયાર થઇ ગયો હતો. મગફળીમાં દાણા આવી ગયા હતા અને તૈલીમાં તલ આવી ગયા હતા. કપાસમાં ઝીન્ડવા પણ બેસી ગયા હતા અને સાતમ-આઠમથી સભ્યો ખુશ પણ હતા કે વરસાદ આવશે તો પાક સારું થાશે પણ અતિવૃષ્ટિ એ નાના અને મોટા ખેડૂતોની આશા પર પાણી ફેરવી નાખ્યું. ખાસ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ગામોમાં ભારે વરસાદથી સભ્યોના ઘરમાં પાણી ભરાઈ ગયા. ઘરવખરીને નુકસાન થયું, તેમની રોજી- રોટી પૂરી પાડતા પશુઓ ઠંડી અને વધારે પડતા વરસાદના કારણે ત્રણેય તાલુકાના કુલ ૧૩૭૯ પશુઓ  મરણ પામ્યા અને ૪૫૬ સભ્યોના ૧૪૭૦ પશુઓને ખરવાસા મોવાસા (પશુઓમાં થતા રોગ)નું રસીકરણ કરાવ્યું. હજુ ગામડાઓમાં રસીકરણ ચાલુ છે. ત્રણેય તાલુકામાં ૧૬૯૩ સભ્યોને મકાનમાં નુકસાન થયેલ છે. ૬૭૦ કુટુંબોને ઘરવખરીને નુકસાન થયેલ. ૩૭૮ સભ્યોને સ્થળાંતર કરાવ્યુ. જેમને અસર થઈ હોય તેમને ૨૩ લાખની ચુકવણી પણ સરકાર તરફથી થઈ ગયેલ.

ખેતીમાં ૫૦% નુકસાન થયેલ છે જેનો સર્વે ચાલુ છે. હાલ ગામોમાં પશુપાલનની સહાય પણ સેવાની મહેનતથી સરકાર તરફથી બે દિવસમાં ચૂકવાઈ જશે. ભાગે કરતા ખેડૂતોને આખી સીઝન નિષ્ફળ ગઈ છે.









## વરસાદે સર્જેલી તારાજી

રોડ-રસ્તા બધા બંધ થઇ ગયા અને ૫ દિવસ સુધી ગામોમાં લાઈટ અને નેટવર્ક નહોતું જેથી સંપર્ક થઇ શકે તેમ નહોતું. જે બહેન ગર્ભવતી હતા તેમને ચાલુ વરસાદે રેકડીમાં લઇ જઈને સારવાર માટે સરકારી દવાખાને ગયા હતા. આવી ઘણી તકલીફ વેઠવી પડતી હોય છે જ્યારે અતિભારે વરસાદ આવે છે ત્યારે.

**- ગીતા સીતાપરા**

❑

# અમદાવાદ જિલ્લામાં પાણી ભરાયાં

અમદાવાદ જિલ્લામાં ૨૪ ઓગષ્ટથી ૨૮ ઓગસ્ટ સુધી સતત ધોધમાર વરસાદ ચાલુ રહેવાથી નાનામોટાં ખેતરોમાં પાણી ભરાઈ ગયા. તળાવોમાં પણ પાણી સતત વધવાના કારણે ભરાઈ અને છલકાઈ ગયા. વરસાદ સતત ચાલુ રહેવાથી પાણી પણ વધવા લાગ્યું. આ વરસાદ ફક્ત કોઈ એક તાલુકા કે એક ગામ પૂરતો નહિ પરંતુ જિલ્લાના દરેક તાલુકા અને ગામોમાં ચારે તરફ વરસ્યો. બીજા જિલ્લામાં પણ વરસાદ આવવાના કારણે નદી-નાળા, ચેકડેમ ભરાઈ ગયા અને અમદાવાદ જિલ્લામાં છલકાયાં. જિલ્લાની સાબરમતી નદી તેમજ નર્મદા ડેમમાં પાણીની આવક વધવાથી પાણી છોડવામાં આવ્યું જેના કારણે ધોળકા તાલુકાના ૨૬ ગામો જે નદી કિનારાના હતા ત્યાં પાણી ભરાઈ ગયા. ગામમાં તેમજ પરાં વિસ્તારમાં રહેતા સેવાના સભ્યોના ઘરમાં પાણી આવી ગયા. અમદાવાદ જિલ્લાના ધોળકા, સાણંદ બાવળા, વિરમગામ અને દસક્રોઇનાં ગામોમાં આ વરસાદથી સભ્યોના ખેતરોમાં તેમજ ઘરોમાં પણ પાણી ભરાઈ ગયા. ધોળકા તાલુકાના પીસાવાડા, ગનોલ, ઇંગોલી, વીરડી, અબલિયારા, જલાપુર, રાજપુર, ધુલજીપુરા, પાલડી, નેસડા, સીમેજ, કોઠ, રૂપગઢ, વટામણ, જખડા, વેજળકા, વારણા, નાની બોરું, મોટીબોરું જેવા ગામોમાં ઢીંચણ સમા પાણી ભરાઈ ગયા. ખેતરોમાં તો ચારે બાજુ પાણી જ પાણી, ઊભો પાક શું છે ? તે કાંઈ જ દેખાય નહિ. ન ગાડા દેખાય. ન પશુ દેખાય. ન સીમના છાંપરાં દેખાય.

સેવાના સભ્ય બહેનોએ શરૂઆતમાં માપસરનો વરસાદ આવવાના કારણે કપાસ, ડાંગર, શાકભાજીને કઠોળનું હોંશે હોંશે વાવેતર કર્યુ, જે પાણીમાં ડૂબી ગયું. આજે પણ ખેતરોમાં પાણી ઓસર્યા નથી. ઘણા સભ્યોના કાચા મકાન હતા જેને નુકસાન થયું છે. કોઈની છત પડી, તો કોઈની દીવાલ પડી ગઈ. એવા ૧૮૦ સભ્યોના ઘરોને નુકસાન થયું જેનો સર્વે આપણાં સભ્ય બહેનો દ્વારા કરવામાં આવ્યો. પોતે જ અસરગ્રસ્ત. પોતે જ રાહત કાર્યકર. આવી આપણી સેવાની બહેનો.

આવી જ પરિસ્થિતિ જિલ્લાના બીજા તાલુકાની પણ થઈ. સાણંદનાં જોલપુર ગામમાં ૧૦૦ ઘરો નીચાણવાળા છે, ત્યાં ગામોમાંથી બહાર જવાના રસ્તાઓ પર પાણી ભરાવવાના કારણે લોકો અવાર જવર કરી શકતા નથી. ૨ દિવસ સુધી તો ગામોમાં વીજળીનો અભાવ અને વીજળી ના હોવાથી પીવાના પાણી પણ નાં મળી શક્યા. સભ્યોએ વરસાદનું પાણી ઉકાળીને પીવાનાં ઉપયોગમાં લીધું. એવા કેટલાય સભ્યો છે કે, જેના ઘરમાં પાણી ભરાવવાના કારણે ઘરવખરીને પણ નુકસાન થયું છે.

સૌથી વધારે ખરાબ પરિસ્થિતિ આપણાં શ્રમજીવી સભ્યોની હતી. ખેતમજુર બહેનોની અને ખોદકામ મજુર બહેનોની પરિસ્થિતિ ખૂબ દયાજનક છે. સતત વરસાદના કારણે તેઓને મજુરી નાં મળી અને ઘરે બેસી રહેવું પડ્યું. ગામની બહાર ના જઈ શકતા એટલે કંપની અને ફેકટરીમાં કામ કરતા આપણાં સભ્યોના દીકરા દીકરીઓ પણ કામે ના જઈ શક્યા એટલે તેમના દિવસો કપાઈ ગયા. એટલા દિવસનું મહેનતાણું ઓછું મળ્યું. વરસાદ વધ્યો, આવક ઘટી.

દસક્રોઈ તાલુકાના બાકરોલ ગામના આપણાં નદી કિનારે ભાજી ઉગાડનારા સભ્યોને સલામત સ્થળે પ્રાથમિક શાળામાં ખસેડવામાં આવ્યા અને તેઓને ગામના અન્ય સભ્યો દ્વારા જમવાની વ્યવસ્થા કરી આપવામાં આવી. સેવા બને ત્યાં સુધી પરસ્પર રાહત કરે છે, એકબીજાને રાહત કરે છે. આજે હું મદદ કરું, કાલે તું મદદ કરે, જેવા જેના સંજોગ.

અતિશય વરસાદનાં કારણે વિરમગામ તાલુકાના કેશિપુરા ગામના આગેવાન સરોજબેન બાબરનું ઘર પડી ગયું. તેમની ઘરવખરીને પણ નુકસાન થયું. પરંતુ, તે સૌની મદદમાં હાજર !

આ વરસાદે ગામ કે શહેર બધાને નુકસાનમાં મૂકી દીધા. ૩ દિવસ પછી વરસાદ ઓછો થવાથી વીજળી ગામોમાં આવી. સભ્યોને પીવાનું પાણી મળ્યું. સભ્યોનો સંપર્ક થઈ શક્યો. સભ્યોએ પોતાના ગામની પરિસ્થિતિની જાણ વોટ્સએપ અને સોશિયલ મીડિયાના માધ્યમથી પરસ્પર અને સેવાના આગેવાન સભ્યોને કરી. તરત જ સેવા દ્વારા સભ્યોની મદદ કરવા માટેના પ્રયત્નો શરૂ કર્યા. રીમાબેનને જિલ્લાના સભ્યોની પરિસ્થિતિની જાણ કરી અને તરત જ સરકારને તાલુકા, જિલ્લા અને ગાંધીનગર ખાતે લેખિતમાં સભ્યો વતી રજૂઆત કરી. જેમાં, કલેકટરશ્રી. મામલતદાર દરેક તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી ને પણ જાણ કરી. જે સભ્યો વતી રજૂઆત કરી અને વહેલી તકે પ્રાથમિક ધોરણે સહાય મળે તે માટે પગલાં લીધા અને સેવાના સભ્યોને બને તેટલાં આવરી લીધાં.

ગામોમાં પાણી ઓછા થતાં સભ્યોના નુકસાનની વિગતો લેવાનું કામ શરૂ કર્યુ છે જેનાથી વધારે સભ્યોને સરકાર દ્વારા મદદ અપાવી શકીએ. સરકારી મદદ પૂરેપૂરી અને છેવાડાના ગામની બહેનને મળે તે સેવાની રાહત કામગીરીનો પાયો છે.

વરસાદ અને નદીમાં પાણી છોડવાના કારણે ગામોમાં સભ્ય બહેનોને રોજગારી ઉપર માઠી અસર થઇ. જેમાં, ધોળકા તાલુકાના ઇન્ગોલી ગામના ગીતાબેન પ્રવિણભાઈ બેલદાર સેવામાં ૭ વર્ષથી સભ્ય તરીકે જોડાયેલા છે. જેમનો મુખ્ય ધંધો ખેતમજુરી અને પશુપાલન છે. વધારે વરસાદ અને સાબરમતી નદીમાંથી પાણી છોડવામાં આવ્યું તેના કારણે ગામોમાં અને ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા. વરસાદ સતત ચાલુ રહેવાનથી લોકો ૪ દિવસ સુધી મજુરી પર ના જઈ શક્યા. હજુ પણ ખેતરમાં પાણી ભરાઈ ગયેલા છે. ખેડૂતોના ખેતરમાં પાક નિષ્ફળ ગયો હોવાથી હવે મજુરી મળશે કે કેમ તે પણ પ્રશ્ન છે. બીજુ કે, પશુઓને ખવડાવવા માટે લીલો ચારો પણ લેવા જઈ શકતા નથી. તો સૂકું ઘાસ જે હતું તે પશુને આપવું પડે છે. દૂધમાં પણ ઘટાડો થયો છે. જે ગાય ૩ લીટર દૂધ આપતી હતી તે હવે ૨ લીટર દૂધ આપે છે અટેલે દૂધની આવકમાં પણ ઘટાડો થયો છે. ઘર કાચું હતું તેની એક બાજુની દીવાલ પણ તૂટી ગઈ છે. રહેવામાં પણ

મુશ્કેલી પડે છે. બીજાના મકાનમાં ભાડે રહેવું પડે છે. ઘરનો સામાન વેરવિખેર થઇ ગયો છે. હવે પાણી ઓછા થવાની રાહ જોઈ રહ્યા છે. પણ પછી ખરેખર કામ શરું થશે.

વિરમગામ તાલુકાના મોટા હરીપુરા ગામના વીણાબેન રમેશભાઈ ઠાકોર અને હેતલબેન રણછોડભાઈ સેનવા ખેતમજુરી કરીને પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. તેઓ ૬ વર્ષથી સેવાના સભ્ય છે. તેઓ કહે, અમારા ગામનો મુખ્ય પાક કપાસ અને દિવેલા છે. ગામના ખેતરોમાં જ મજુરી કામ મળતું. તેમાં, રોજના ૩૦૦ રૂપિયા દાડી મળતી હતી, જે ૭ દિવસથી તે પણ મળતી નથી. હવે ક્યારે મળશે ? સતત વરસાદ ચાલુ રહેવાથી અને કેનાલમાં પાણી છોડવામાં આવ્યું તેથી કેનાલ તૂટી ગઈ અને પાણી ગામમાં ભરાઈ ગયા. અમારા ઘરમાં પણ ઢીંચણ સુધીના પાણી ભરાઈ ગયા. અચાનક પાણી આવવાના કારણે ઘરના સામાનને ઝડપથી ખસેડી ના શક્યા. જેથી સામાન, ઘરવખરી અને અનાજ વગેરે પલળી ગયા અને ઘણુ નુકસાન થયું. ઘરની દીવાલ પણ પડી ગઈ છે. સરપંચ દ્વારા શાળામાં રહેવા માટે ૩ દિવસ ગોઠવણ કરવામાં આવી. અત્યારે અમે ભાડાના મકાનમાં રહીએ છીએ. સરકાર તરફથી મદદ મળે તે મેળવવા પ્રયત્ન કરી રહ્યાં છીએ.

**- અમદાવાદ જિલ્લો, મંજુલા**

## પાણીએ રોજગારી પર પાણી ફેરવી નાંખ્યું

હજુ તો હિટવેવ કાળઝાળ ગરમીમાંથી પસાર નથી થયા ત્યાં તો મુશળધાર વરસાદ ખાબક્યો. ૨૪ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટના વરસાદે તો ગામડાની પરિસ્થિતિ જ બદલી નાંખી. ખેડૂતોની આશાઓ પર પણ પાણી ફેરવી નાખ્યું. વિકાસનો વિનાશ કર્યો. વરસાદી પાણીએ ગામ, ખેતરો, ઘરવખરી, પશુઓ બધાં જ પાણીમાં ગરકાવ કરી નાખ્યાં. વરસાદમાં નાનાં ને સીમાંત ખેડૂતોના સભ્ય બહેનોને સૌથી વધારે નુકશાન થયું છે. સતત ૫ દિવસના વરસાદે ભારે અને ચારેકોર તારાજી સર્જી.

ચાલો, ગાંધીનગર જિલ્લાના દહેગામ અને માણસા તાલુકાની વાત કરીએ તો, ધંધા સમિતિમાં થયેલી ચર્ચાને આધારે ખબર પડી કે કોઠી બારડોલી ગામનાં આગેવાન રોશનબહેન પોતાના જ ઘરની વાત કરતાં કહે, રાત્રે વરસાદ પડ્યો. સવારે ભેંસ દોવા ગઇ તો ભેંસ ખાંધા(કાદવ)માં ભરાઇને ઊભી હતી. ભેંસ પોતે જ વરસાદથી ધ્રૂજતી હતી. ઘાસના પૂરા ય પલળી ગયેલાં. આંગણામાં તો પાણી જ પાણી. મેં આ વર્ષે ૧ વીઘામાં એરંડાનો પાક વાયો તો. તે ધોવાઇ ગયો. પાક ગયો. આવક ગઈ. નિશાળની ફી ગઈ. ઘરમાં બે દિવસ તો લાઇટ જ નહોતી. સાવ અંધારુ ઘમઘોર. છોકરાની નિશાળ બંધ. જાણે જેલમાં પૂરાઇ ગયા હોય તેવું લાગે. અવરજવરનો રસ્તો બંધ. ના ખેતરે જવાય કે ના રોજિંદી ચીજવસ્તુઓ લેવા જવાય. મનમાં મુંઝારો થાય. પાક પાણીમાં, ઢોર પાણીમાં અને અમારું ભવિષ્ય પાણીમાં. મને એરંડામાં અંદાજે ૮થી ૧૦ હજારનું નુકસાન થયું. મારા ગામમાં આશરે ૨૫ થી ૩૦ ખેડૂતોને એરંડાના પાકમાં નુકસાન થયું છે. એરંડાના પાકમાં એક વીઘામાં આશરે ૨૫૦૦/-નો ઓછામાં ઓછો ખર્ચો એક વાવણીમાં થાય. જેમાં ખેડ, બિયારણ અને પાણીના ખર્ચાનો સમાવેશ થાય. બીજો ખર્ચો વધારાનો. જેણે પાછળથી વાવ્યા છે તેમને ખાસ નુકસાન નથી. જેણે બે વાર વાવ્યા તે તો દેવામાં જ ઉતરી જવાના, વર્ષો સુધી ભરપાઈ કરતા રહેવાના.

નુકસાનની વાત કરીએ તો, કપાસના પાકમાં ૫૦ ટકા નુકસાન, મરચાં અને જારના પાકમાં ૪૦ ટકા નુકસાન. એરંડા, મગફળી, તલમાં પણ ૪૦ ટકા નુકસાન. વેલાવાળા શાકભાજી તો સાવ જ કોહવાઇ ગયા. મગફળીના પાકમાં તો ઉઘાડ આવે ત્યાર બાદ કેટલું નુકસાન છે તેની માહિતી મળે.

મીઠાના મુવાડાના સભ્ય રતનબહેન વિજયસિંહ ઝાલા ઊભા થઇને બોલ્યાં કે, આ વર્ષે મેં ૧ વીઘામાં ગલગોટા વાયા તા. તેમાં ૮૦૦૦/-નું ધરૂ નાંખ્યું તું. ૮૦૦/- વાવણીના અને ૩૦૦/- પાણીના થયા. ગલગોટા તો સરસ થયેલા. નજર લાગે એવા… ગલગોટામાં

આ ફોટો ગામ મીઠાના મુવાડાના સભ્ય રતનબહેન વિજયસિંહ ઝાલાનો છે. ચાર પાંચ દિવસ સતત વરસતા વરસાદે તેમના ગલગોટાના ખેતરમાં પાણી જ પાણી થઇ ગયું છે. તેમની આ વર્ષની આવક નુકસાનીમાં ફેરવાઇ ગઇ છે. ૭૦ ટકા ગલગોટાનો પાક નિષ્ફળ થઇ ગયો છે. હજુ પણ પાણી ભરાઇ રહેવાને કારણે છોડ કોહવાઇ રહ્યાં છે.



વરસાદની જ નજર લાગી ને બધા કોહવાઇ ગયા. મારી મહેનત અને આશા પર પાણી ફરી વળ્યું. જુલાઇમાં વાવણી કરી તી. જો વરસાદ ના પડ્યો હોત તો અતારે ૨ ફૂટના છોડ ઉભા થઇ ગયા હોત ને નવરાત્રીમાં તો સારો એવો ઉતારો થતો ને આવક પણ સરસ હોત. અતારે સતત વરસતા વરસાદે માંડ એક ફૂટના થયા. તેમાં પાણી ભરાઇ ગયું એટલે અડધા ઉપરના છોડ તો બગડી ગયા. ૧ વીઘામાં રોજના ૨૦ થી ૨૫ ઝભલા ગોટા ભરાય. એક ઝભલામાં ૧૦થી ૧૫ કિલો હોય. એક કિલોનો ૭૦ રૂ. ભાવ મળે. બજારભાવ આધારિત આવક થાય. ત્રણ દિવસના ૧૦થી ૧૫ હજાર રૂપિયાની આવક થાય. હવે તે નુકસાનમાં ફેરવાઇ ગઇ. ભેંસની વાત કરૂ તો ભેંસના આંચળ ઠંડા ગાર. શું દૂધ આપે ? ગલગોટાની જાવકની સાથે સાથે દૂધની આવક પણ ઠપ. આ ખાડો કેવી રીતે પૂરવો તે પ્રશ્ન તો વર્ષો સુધી ઉભો જ રહેશે.

આ સિવાય એરંડામાં ૪૦ થી ૫૦ ટકા નુકસાન થયું છે. એરંડામાં પાણી ભરાઇ જાય એટલે કોહવાઇ જાય. પત્તા પીળા પડી જાય. મૂળમાં પાણી ભરાઇ જાય એટલે તે છોડ કોહવાઇ જાય. એરંડાના માળ બેસે નહિ એટલે એ પાક નિષ્ફળ. કપાસની વાત કરીએ તો, આશરે ૧૩૦ સભ્યોને કપાસમાં કેરીઓ (જેમાં રૂ બેસે તે) બેસી હતી. વધારે વરસાદ પડ્યો તો કેરીઓ કોહવાઇ ગઇ. તે ફરીથી ના બેસે. બધું નુકસાન. કપાસમાં સુકારાનો રોગ આવી જાય. પાક નિષ્ફળ. શાકભાજીમાં તો મરચી, ચોળી, ડેટી (નાનાં રીંગણા)માં ૪૦ ટકા નુકસાન છે. ગવાર તો સાવ કાળો થઇ ગયો છે. આશરે શાકભાજીમાં ૬૦ થી ૭૦ ટકાનું નુકસાન છે.

કેશરાજી મુવાડી ગામની વાત કરીએ તો, મગફળીના પાકમાં ૩૦ થી ૪૦ ટકા નુકસાન છે. એક વાર વાવી વરસાદ પડ્યો તો ફરીથી વાઇ તો તેમાં પાસો વરસાદ પડ્યો એટલે મગફળીમાં તો નુકસાન જ નુકસાન છે. રોકડી આવકને બદલે દેવામાં ઉધાર!

ખેતમજૂરો અને છૂટક મજૂરી કરતા કામદારોની વાત કરીએ તો, માણસા તાલુકાના સોલૈયા ગામનાં હિરાબહેન રમણભાઇ પરમાર બોલ્યાં કે, અમે રોજ સવારે ૮થી ૧૨ ખેતરમાં રીંગણા, કપાસ, ભટ્ટા વેણવા જઇએ તારે અમને ૧૫૦ રૂ. મળે. સાંજે ૩ થી ૬ જઇએ એટલે ૧૫૦ રૂ. મળે. આમ રોજનો અમારો ૩૦૦નો દાડો ભરાય. હવે આ વરસાદ આયો એટલે ખેતરમાં પાણી ભરાઇ જાય એટલે અમારો દાડો ના ભરાય. મજૂરી કે રોજ ના મળે. સતત ૭ થી ૮ દિવસ દાડો ના ભરાયો એટલે ખાવના સાંસાં. પાણીએ જાણે પેટ પર લાત મારી હોય એવું થયું. આશરે ખરે વખતે ૧૫૦૦ થી ૨૦૦૦નું નુકસાન થયું.

વરસાદમાં ઘણાં સભ્ય બહેનોના ઘરો પણ પડી ગયા છે. દહેગામના બારડોલી ગામમાં એક સભ્ય બહેનનું ઘર પડી ગયું છે. જેનો ફોટોગ્રાફ નીચે મૂક્યો છે.



ભાવનાબહેન દશરથસિંહ સોલંકી, વરસાદમાં ઘર પડી ગયું છે. બધો સામાન દટાઇ ગયો. ઘરમાં બહેન, પતિ અને એક બાળકને ઇજા થઇ હતી. તમામ ઘરવખરી વેર વિખેર થઇ ગઇ છે. છાપરા તૂટી ગયા છે. પતિ રીક્ષા ચલાવે છે. બહેન ખેતરમાં ખેત મજૂરી દાડીએ જતા હતા. વરસાદમાં ઘર અને રોજી વગરના થઇ ગયા છે.

આ સિવાય પશુઓમાં બીમારીનું પ્રમાણ ૩૦ ટકા વધ્યું છે. દૂધની આવક ૩૦ ટકા ઘટી છે. ઘાસચારો ૫૦ ટકા પલળી ગયો છે. ઘણી જગ્યાએ તો પશુઓને બાંધવાની જગ્યા પણ કાદવને પાણીથી ભરાઇ ગઇ છે તો ૩૦ ટકા તો પશુ બાંધવાના છાપરા પણ પડી ગયા છે.

આ વરસાદે તારાજી તો સર્જી પણ જગતનો તાત આકરી મહેનત બાદ પણ પાયમાલ જ થઇ ગયો. ખેતીનો ખર્ચો અધધધ અને વરસાદના પાણીએ તેના પર પાણી ફેરવી નાંખ્યું.

એકંદરે ગાંધીનગર જિલ્લાના દહેગામ અને માણસા તાલુકાના ગામડાંઓમાં ખેતી, પશુપાલનમાં નુકસાની અને મકાન ધરાશયી થવાનું પ્રમાણ વધારે છે.

**- ગાંધીનગર જિલ્લો, તારા, અનિતા**

ઘરનું ઘર ખરીદવા

હોમ લોન

વ્યાજદર માત્ર ૮.૫%



- લોનની રકમ – ૧ લાખ થી ૪૦ લાખ સુધી
- હપ્તા ની રકમ ઉંમરના આધારે નક્કી કરવામાં આવશે.
- શરતો ને આધિન
- વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

‘0’ પ્રિ-પેમેન્ટ પેનલ્ટી

શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

વધુ માહિતી માટે નજીક ની શાખાનો સંપર્ક કરો અથવા કોલ કરો.
ફોન નંબર-૦૭૯-૨૬૫૮૧૬૫૨ / ૦૭૯-૨૬૫૮૧૫૯૭ / ૭૮૬૩૮૨૫૯૫૩
ઈ-મેલ : mail@sewabank.com વેબસાઈટ : www.sewabank.com

# સુરેન્દ્રનગરમાં પાક નિષ્ફળ

૨૪ ઓગસ્ટથી શરૂ થયેલ વરસાદમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકાના રૂપેણ નદી કાંઠાના સુરેલ, પાડીવાડા, સલી, ઝાડિયાણા, રોઝવા જેવા ગામોમાં ૧૭૫૦ સભ્ય બહેનોને મુખ્ય પાક દેશી કપાસ વેચીને ઘરનું ગુજરાન ચલાવતા. આ ખેત પેદાશોમાંથી ખેતમજુરો નાના-મોટા ખર્ચ આખું વર્ષ ચાલવતા અને પશુ માટે જુવાર રાખે અને મગ, મઠ, તુવેર જેવાં પાકો ઘરમાં ખાવા માટે જ ઉગાડેલા તેમાં અંદાજિત એક વિઘાએ ૫૦૦૦થી ૭૦૦૦ રૂપિયાનો ખર્ચ કરેલો. એવા આ પાંચ ગામના ૧૭૫૦ સભ્યો થઈ ૧૪૦૦૦ વિઘામાં ૯૦% અધધધ નુકસાન થયું છે. રૂખીબેન, દેવુબેન ભીમા ભાઈ કહે, આ વરસાદે તો ખેડૂતને પણ મજૂર કરી દીધા. આ આખું વર્ષ નુકસાન ખાતે ગયું. બીજી સીઝન હવે એક મહિના પછી શરૂ થશે જેમાં, અમે ચણા અને જીરા ઉગાડવાના છીએ પણ, ખેતરોમાં પાણી એટલા બધા ભર્યા છે કે, હવે અમારે ડીઝલ મશીન મૂકીને પાણી કઢાવવા પડે તેના પૈસા પણ નથી રહ્યા અને દેવું કરીને પાણી કાઢવીએ છીએ અને પાછું જો વાતાવરણ બદલાય તો બીજો પાક પણ નિષ્ફળ જાય. ખેતી કરતાં મજુરી કરવા જતું રહેવું સારું, બેન, હવે ટકવું મુશ્કેલ છે.

આવા સમયે સરકાર દ્વારા જો અમને તાત્કાલિક એટલે કે સમયસર અમારા ખેતરોમાંથી પાણી નિકાલ કરાવી આપે બીજું અમે જે ખર્ચ કર્યો ખેતીમાં તેની તાત્કાલિક નુકસાનીની સહાય મળે તો જ અમને બીજા પાક લેવામાં હિમંત આવે. સુરેલ ગામના અનુબેન કહે, ''ખેડૂતની આવી હાલત છે તો, અમારા મજુરીયાની વાત જ શું કરવાની ? કુદરત રૂઠ્યો છે બીજું કાંઈ નથી !''

હળવદ તાલુકાના વેનાસાર, ઘાટીલા, હરીપર અને માળીયા જેવા ગામોમાં આશરે ૮૦ સભ્યોના ઘરમાં રાત્રે ૧ વાગ્યે અચાનક પાણી આવી ગયેલા, હરીપર ગામમાં રેલ્વે લાઈન જતી હતી ત્યાં દીવાલ કરેલી છે તેના લીધે પાણી બધા ગામમાં આવી ગયા. બધા રાત્રે ભેગા થઈ સરપંચ જોડે ગયા અને ૧૫થી ૨૦ ભાઈઓ ભેગા થઈ દીવાલ તોડી નાંખી નહિતર આખા ગામમાં ઘરે ઘરમાં પાણી ભરાઈ જાત અને માણસોના જીવ જોખમમાં આવી જાત. આમ સુરેન્દ્રનગર જિલ્લામાં જ્યાં કાંઠાના ગામો હતા ત્યાં આવી પરિસ્થિતિ જોવા મળી અને બીજા બધા ગામોમાં ખેતીમાં ૪૦થી ૪૫ ટકા નુકસાન તો થયું છે.

**- હિના**

# મહેસાણામાં મેહુલો વકર્યો

મહેસાણા જિલ્લામાં છેલ્લા ૩થી ૪ દિવસ અતિશય વરસાદ થવાથી જિલ્લાના કડી, મહેસાણા, બેચરાજી, વિસનગર, જોટાણા તાલુકાના ગામોમાં સભ્યોની હાલની પરિસ્થિતિ શું થઈ છે તે ગામના સરપંચ, આગેવાન બેનો સાથે સંકલન કરવાથી નીચે મુજબની માહિતી બહેનોએ લીધી. કડી, જોટાણા અને બેચરાજી તાલુકાના નીચાણ વાળા ગામોમાં વધુ નુકસાન ઉપક્રમે ખેતી, પશુપાલન અને સાથે સેવાના સભ્યના દૈનિક જીવન પર વધુ અસરો જોવા મળી છે.

વરસાદથી ગામમાં ઠેર-ઠેર પાણી ભરાયા, નીચાણવાળા કાચા ઘરોમાં, ખેતરોમાં પાણી ભરાવાથી સભ્યોની રોજગારી પર તેમજ ખેતી પર અસર થઈ છે. તેમજ પવન સાથે વરસાદના કારણે રસ્તામાં ઝાડ પડી ગયા અને દુકાન, ગલ્લા તેમજ ફળિયા અને નીચાણવાળા ભાગોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા. તે ઉપરાંત છૂટક મજુરીએ જતાં સભ્યોની રોજગારી પર ૩૫ ટકા અને આરોગ્ય પર ૪૦ ટકા અસર જોવા મળી. પશુઓનો ઘાસચારો ૬૦ ટકા પલળી ગયો. ગામમાં દૂધ પણ બે દિવસ ગાડી નહોતી આવી, જેથી પશુપાલકોની રોજગારી પર અસર થઈ છે અને પશુ દૂધઉત્પાદનમાં પણ રોજના ૧થી ૨ લિટરનો ઘટાડો થયો છે. સભ્યોના ખોરાક પર ૩૫ ટકા ખરાબ અસર જોવા મળી. બાળકોની શાળા પણ ૩ દિવસ બંધ રાખી જેથી બાળકોના અભ્યાસ પર પણ અસર જોવા મળી છે. સાથે બહાર ગામ કે શહેરોમાં જે બાળકો અભ્યાસ કરે છે તેઓ પણ વરસાદી વાતાવરણના કારણે જઇ શક્યા ના હોવાથી તેમના અભ્યાસ પર પણ અસર થઈ છે. ગામનાં સભ્યોને બહાર અવરજવર માટે પણ પાણી ભરાવવાથી તકલીફ પડતી હતી.

અતિશય વરસાદ થયો છે જેથી કેટલાક સભ્યોને માલહાનિ થઈ છે. પણ સભ્યોને કોઇ પણ જાતની જાનહાનિ નથી થઇ. વરસાદની આગામી ચેતવણી સેવા અને સરકાર તરફથી મળી હતી તે ઉપયોગી થઈ. સેંકડો વૃક્ષો ધરાશયી થઈ ગયા છે. સભ્યો ગામથી બહાર કામ પર જતી વખતે ઘણી તકલીફ પડી, ટ્રાફિક જામ થાય, ઘરે જતાં મોડું થયુ, સાધન બગડી જાય. રસ્તામાં ખાડા પડવાથી ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો. વરસાદ થવાથી પાણી સતત ભરાયેલા રહેવાથી, ભેજવાળું સતત વાતાવરણ રહેવાથી ગામમાં વાયરલ તાવ, શરદી, ડેન્ગ્યુ, શરીરમાં દુખાવો અને ઈન્ફેકશનની તકલીફનું પ્રમાણ હવે ૫૦ ટકા વધારે જોવા મળ્યું છે. સભ્ય બેનો સરકારી દવાખાનામાંથી તેમજ હોસ્પિટલમાંથી દવા લે છે. ખેતી વિષયક વાત કરીએ તો હાલમાં સમગ્ર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે દરેક ગામે પાણી ભરાયા છે. જેમાં હાલ મુખ્ય પાકો જેવા કે કપાસ, દિવેલા, તુવેર, ટામેટા, મરચાં, મગફળી, કઠોળ પાકોમાં પાણી ભરાવાના કારણે પાક નિષ્ફળ જવાની શક્યતા વધારે છે. જો પાક નિષ્ફળ જાય તો ખેડૂત સભ્યને પૂરે પૂરી સીજનનો ખર્ચ અને આવક બંને હાથેથી જતા થશે. ખેતીને વરસાદથી બચાવવાનો કોઈ પ્લાન તાલુકા પાસે હોય તો ખૂબ ઉપયોગી થાય.

વરસાદી પાણીનો નિકાલ ન હોવાથી ઘરમાં તેમજ તળાવમાં રસ્તા કરેલ અને હવે તો ગામના દરેક તળાવ પણ છલકાવા માંડ્યા, તેથી તકલીફનો સામનો કરવો પડ્યો. દૂધઇ ગામના એક સભ્ય બેનની ઘરની દીવાલ પડી ગઈ. કૈયાલ, વરખડીયા ગામમાં નીચાણવાળા

વિસ્તારમાં તેમજ અન્ય ગામોમાં મકાન તેમજ પશુના છાપરા પડી ગયા. કડી તાલુકાના ૨૦ ટકા ગામોમાં નીચાણવાળા ભાગ હોવાથી પાણી ભરાયા છે. આના કારણે મેળાઓમાં પાથરણાં કરી ધંધો કરવા માલ ભરેલ તેના પર માઠી અસર જોવા મળી. રોજગારી અને આવક પર ૫૦ ટકા અસર થઈ.

હાલમાં ઉપર જણાવ્યા મુજબની પરિસ્થિતિને ધ્યાને લેતા ગામનાં સરપંચ, ગ્રામસેવક, ખેતીનિયામક કડી-મહેસાણા, કલેકટરશ્રીની ઓફિસમાં મળવા ગયા અને મહેસાણા જિલ્લાના ગામોની માહિતી લઈને આવેદન પત્ર આપી નુકસાનીમાંથી અને આવક ઉભી કરવા રાહતમાંથી સભ્યોને વળતર રૂપે સહાય મળે તેના માટે વારંવાર સેવાના બહેનો સાથે મિટીંગ કરી બધા ગામની માહિતી લીધી અને સરકાર શ્રીને સોંપી. હાલ સર્વેની કામગીરી ચાલુ છે.

**- હસુમતી, પરવીન**

# અમદાવાદમાં ઓચિંતા વરસાદે કર્યો કાળોકેર

ત્રણ દિવસથી એક ધારો વરસાદ પડવાથી નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા. જેમાં સારંગપુર કામદાર મેદાનથી ગોમતીપુર, રખિયાલ, સરસપુર, બાપુનગર વગેરે વિસ્તારો જળબંબાકાર થઇ ગયા. ત્યાં સેવાના સભ્ય રહીશોના ઘરોમાં પાણી ફરી વળ્યા. ઘરમાં પાણી ભરાતાં અનાજ બગડી ગયા. શાકભાજી વેચનારાની શાકભાજી પાણીને કારણે ૫૦ ટકા ખરાબ થઇ ગઈ. ઘરે લાવીને જે સિલાઈ કામ કરતા તેમને નવા માલનો સ્ટોક આવ્યો નહીં જેના કારણે તેમની રોજી પણ બંધ રહી. કાગળ વીણનાર બહેનો જે ખોખરા અને અમરાઈવાડી વિસ્તારમાં રહે છે ત્યાં પાણી ભરાઈ જવાથી તે કાગળ-કચરો પાણીમાં પલળી જવાથી તેમની પણ રોજી દસ દિવસ બંધ રહી. વરસાદને લીધે કાગળ પલળી જવાથી જે ભાવ મળવો જોઈતો હતો તેમાં પણ ૭૦ ટકા ઘટ પડી. કોઈપણ કુદરતી આફતોમાં ગરીબ શ્રમજીવી બહેનોના જીવન પર સૌથી વધારે અસર થતી હોય છે. કુદરતી હોનારતનો પહેલો ભોગ સેવાની સભ્ય બહેનો બને છે. રોજે રોજ કમાઈને ખાવાવાળા આ ગરીબ બહેનો જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદી શકતા નથી. એક ટંક ખાવાના પણ મોહતાજ થઇ જાય છે.

પરપ્રાંતીય કામદારો જે બાંધકામ કામદારો છે તેમને વરસાદમાં ખુલ્લી જગ્યામાં ઝુંપડા બાંધીને રહે છે. વરસાદમાં લાકડા પલળી જવાથી સળગી શકતા નથી. ચુલા પણ સળગાવી શક્યા નથી. આવી પરિસ્થિતિમાં અમદાવાદ કોર્પોરેશન તરફથી જમવાનું આવેલું. તેમાં અડધા લોકોને મળ્યું. થોડાને ના પણ મળ્યું. પર પ્રાંતિય કામદાર સભ્યો જ્યાં કામ કરે છે ત્યાં મોટું ગરનાળું છે. ત્યાં પાણી ભરાઈ જતા કોર્પોરેશનના માણસો આવીને ગટરના ઢાંકણા ખોલી નાંખતા ગટરોના પાણી બેક મારતાં આ શ્રમજીવીઓના ઝુંપડામાં પાણી ભરાઈ ગયા. ઉપર વરસાદ. જમીન પર ગટરનો મારો. તેમની ઘરવખરી પણ તણાઈ ગઈ. લાકડા પલળી ગયા. રોજગારી તો બંધ રહી પણ ઘરમાં જે હતું તે પણ છીનવાઈ ગયું. બાળકો પણ દિવસો સુધી ભૂખ્યા તરસ્યા રહ્યા. આ કુદરતી આફતોએ કાળો કેર વર્ત્ય ગરીબ માણસ માંડ પેટીયું રળીને ગુજરાન ચલાવતો હોય ત્યાં આવી કુદરતી આફતોમાં વધારે ને વધારે ગરીબીમાં ધકેલાઈ જાય છે. અમદાવાદ શહેર આફત નિવારણનો પ્લાન સેવાના બેનો સાથે ના બનાવે ?

સાઈટ ઉપર હાલમાં સફાઈકામ એક બહેન કરે છે. તેમને પગમાં વરસાદી પાણી લાગવાથી પગમાં કોવારો લાગી ગયો છે ને ચાંદા પડી ગયા છે. જેને લીધે તેમને કામ કરી શકતા નથી. આવી ઘણી બહેનો છે. તેમને ક્યારે મટશે તેની ખબર નથી. આમ, રોજગારી બંધ થવાથી ઘરનું પૂરું કેવી રીતે કરવું અને મહિના છેડા ભેગા કરવા અઘરા બની ગયા છે.

### જશીબેન, નભુબેન, હંસાબેનની કથની

જશીબેન બાંધકામ કામદાર કહે, વરસાદને કારણે અમે ત્રણ દિવસ ખાધું નથી. ક્યાં રાંધવું ? અમે તો સાઈટ પરથી લાકડા વીણતા આવીએ ને ચુલા પર રાંધીએ ત્યારે ખાધા ભેગા થઈએ, પણ આ વરસાદ અને પવનથી અમારા તંબુ ઊડી ગયા ને ઘરવખરી પણ પલળી ગઈ. બાજુમાં બ્રીજ નીચે જગ્યા રોકવા જવાનું પછી જેને જગ્યા મળી તે શાંતિથી સુઈ ગયા અને જેને જગ્યા ના મળી તે આંખી રાત બેસી રહ્યા અને રાત કાઢી સતત ત્રણ દિવસ વરસાદ પડ્યો છે. કોઈ પણ જાતની સુવિધા નહીં ઘણી તકલીફ પડે છે. એક પછી એક અને કુદરતી આફતો અમારા માટે રાહ જોઈ ને બેઠી હોય કે ચાલો ખુલ્લા મેદાનમાં રહેતા લોકો પાસે જવાનું તેમના ઘરના સામાનને નુકસાન પહોંચાડવાનું એમ. બળતણના લાકડા પલળે, ઘરનો સમાન પલળે, ગોદડા પલળે. આશાના મિનારા પલળે. વેચનાર સભ્યોની વાત કરીએ તો, જન્માષ્ટમીના મેળામાં ધંધો કરવા માટે બધાએ માલ ભરાવ્યો હતો. વિચાર્યું હતું કે આ વખતે સારો ધંધો થશે તો આવક સારી થશે. પણ આ કુદરત રૂઠીને. વરસાદમાં બધોય માલ પલળી ગયો. નાના વેપારીઓ પાસેથી વ્યાજે રૂપિયા લાવી માલ ભરાવ્યો હતો ત્યાં, કુદરતી આફત આવી, તેમાં માલ બગડી જતા નુકસાન દેવું તો ઊભું ને ઊભું જ રહ્યું. ધંધો પણ ના થઇ શક્યો. આમ વેચનાર કોઈ દિવસ દેવામાંથી બહાર ના આવી શકે. લારી જો ભાડાની હોય તો તે પણ ભાડું વધી જાય, કમાવાની જગ્યાને ય ગુમાવવાની પરિસ્થિતિ આવી પડી. બાંધકામ કામ બંધ. ઈંટો ભીની અને ભારે. જમીન કાદવ વાળી. લોખંડ કટાયેલું. સીમેંટ ભેજવાળો. વરસાદ પડવાથી ખાડા પડે, રોડ તૂટી જાય. કચરો થાય પાણી ગંદુ આવે, ગટરો ઊભરાઈ જાય. તેનાથી રોગચાળો ફાટી નીકળે. માણસો અને પશુઓ ને પણ હેરાનગતિ વધી જાય છે.

પર પ્રાંતિય હંસાબેન સુનીલભાઈ ડોડીયા, રૂપલબેન દિનેશભાઈ ગરાસીયા અને રંગીબેન કાળુભાઈ ડોડીયાર આ સેવાની સભ્ય બહેનો વાસણા બેરેજ પાસે રહે છે. આ બહેનોએ વરસાદના દિવસમાં ચૂલો સળગાવ્યા નથી. વરસાદને લીધે ચારે બાજુ પાણી જ પાણી છે. તેઓ કહે, અમારી ઘરવખરી અમે ઘરમાં ખાટલા ઢાળીને મુકેલી. અમે ૩ દિવસથી ભૂખ્યા હતા, પણ અમારા વિસ્તારમાં ખોડીયાર મંદિર છે ત્યાં રામ રોટી ચાલે છે તો ત્યાંથી લાવીને બાળકોને જમાડીએ છીએ. અમે મોટા તો ભૂખે રહી શકીએ પણ બાળકો તો ભૂખ્યા ના રહે ને ! એટલે બહેન, અમારા છોકરાઓ માટે ભીખ માંગવી પડે છે. આ વરસાદ ચાર પાંચ દિવસથી પડે છે અને રોજગાર પણ નથી. શું કરીએ ? અમારે તો રોજગાર, ઘરનું નુકસાન, કામ ધંધો નહીં રહેવાના ઠેકાણા નથી. ફૂટપાથ પર પડી રહ્યા છીએ. ઉપર આભ ને નીચે ધરતી ! રામ ભરોસે રહીએ છીએ ! આ છે અમારી પરિસ્થિતિ, અમે લોકો ના ઘર બાંધીએ પણ, અમારા પોતાના જ ઘર ના હોય ? જિંદગી આખી બીજાના માથે છાપરું બાંધ્યું પણ અમારા માથે છાપરું ક્યારે ?

નાભુબેન ગુલાબભાઈ બારીયા મૂળ દાહોદના આજુબાજુ ગામમાં રહે છે અને વર્ષમાં બે વાર ગામડે જાય છે. એક હોળી પર લગ્નમાં અને વરસાદ વખતે વાવણી કરવા જાય છે. ૧૦ મહિના અમદાવાદમાં અલગ અલગ સાઈટો પર કામ કરે છે. આ બહેનો તેમના બાળકોને લઈને ખાટલા પર બેસી રહે છે. સેવાના રમીલાબેન અને નાભુબેન અમને વારંવાર ફોન કરતા કે બહેન અમે ૩ દિવસથી અમે પાણીમાં નાના છોકરા લઈને બેસી રહ્યા અને ખાવા પીવાનું કંઈ નથી. ઘરમાં પાણી ભરાઈ ગયા. લાકડા પલળી ગયા. ઘરની બહાર ઘરમાં બધે જ પાણી પાણી ! ક્યાં જઈને અમે ખાવાનું લાવી છોરોને ખવડાવીએ ? ગઈ કાલે સેવાના આગેવાન બહેનો અમને ખાવાનું આપવા આવ્યા. સાંજે ૭.૩૦ વાગ્યે આવેલા અને વરસાદ ચાલુ હતો છતાં તેઓ પરોઠાને મિક્ષ સબ્જી લઈને આવેલા. નભુબેન અને હંસાબેન બંને એટલા આશીર્વાદ આપતા હતા કે અમારી વારે ૩ દિવસથી કોઈના આવ્યું. આ અમે ૧૦ રૂ. આપી લવાજમની પરચી ફડાવી હતી ને સેવાના સભ્ય બન્યા હતાં તો અમારા સંગઠને અમારા પેટનો ખાડો પૂર્યો. સંગઠન અમારી વ્હારે આવીને અમારા બાળકોની ભૂખ ભાંગી. દર વરસે વરસાદ, દર વરસે તારાજી, દર વરસે ભૂખા રહેવાનું. કોઈ વરસાદી ખોરાક પોષણનું આયોજન અમદાવાદ શહેર ન બનાવે ? આવી જ પરિસ્થિતિમાં રહેતા વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા દરેક સેવાના સભ્ય પરપ્રાંતિને ૩ દિવસ સંગઠને જમવાનું આપ્યું. બીજી બે જગ્યાએ ૩૫ કુટુંબોને ત્રણ દિવસ પરોઠા-શાક ખવડાવ્યું અને બીજાને અપાવ્યું.

**- રમીલા પરમાર**

## બિસ્તર ગોદડી પાની પાની

મેં શાહ આલમ, નવાબ કી ચાલી મેં રહતી હૂં. મેરા નામ સબીસતા બાનું હૈ. મેં ચણિયા સીને કા કામ કરતી હૂં. રોજ ૫ ડઝન ચણિયા સીને કા મુજે ૨૦૦ રૂપિયા મિલતા હૈ. બારીશ ગિરતી હૈ તો કૈસે સીને બૈઠ શકતે હૈ ? મેરે ઘર મેં રાત સે પાની ભર ગયા હૈ. સાથ મેં ગટર કા પાની ભી ભર ગયા હૈ. રાત કો તીન બજે પાણી ભરના શુરુ હો ગયા થા. બિસ્તર-ગોદડી સબ પાની પાની હો ગયા. રાત કો લાઈટ ભી ચલી ગઈ. પૂરી રાત બૈઠ કે નીકાલી. મોબાઈલ કી લાઈટ મેં જીતના સામાન પલંગ પર લે સકે વો લે લિયા. બહોત સારા આટા ઔર ચાવલ જો રસોડે મેં નીચે રખા થા વો ઘરમે પાની આ જાને સે વો ભી બિગડ ગયા. સુબહ તક પાની ઘર સે બાહર નિકાલ કે શામ કો ચાર બજે ફિર સે પાની ભરા ગયા. ના કુછ પકાયા ના કુછ ખાયા, બચ્ચોં કો બાજુ વાલે ને ખીચડી દિયા વો ખિલાયા. સિલાઈ કા કામ પુરાં હો ગયા થા તો અલ્લાહને બચા લિયા, નહીં તો સબ નુકસાન ભરના પડતા. રાત મેં પાની ભરાયા તબ મશીન બીજ સબ ભીગ ગયા. અબ પાની ઊતરેગા તબ દેખેંગે કે ઉસમેં કિતના ખર્ચા આતા હૈ. હમારે તો એક ખર્ચા પુરાં નહીં હોતા કે દુસરા આ જાતા હૈ. કર્જા હોતા હૈ. કર્જે કા કર્જા હોતા હૈ. સબ ખાને કા સામાન બિગડ ગયા, અબ વો ભી કોઈ સે ઉધાર સુધાકર કે લાના પડેગા. બચ્ચોં કે દફતર મેં પાની ભર ગયા. ધૂપ મેં સુખાના પડા. ગટર કા પાની ઘર મેં આયા તો મચ્છર કા ત્રાસ બઢને લગા. બીમારિયા ભી બઢ ગયી. ઉધાર જિંદગી જીતે હૈ હમ મહેનત કરનેવાલે.

વલ્લભ પાર્ક, સાબરમતી ડી કેબીન પાસે, ફૂડ પેકેટ વિતરણ કરવા ગયા. ત્યાં અમુક લોકો સ્કૂલમાં રજાઓ હોવાથી શાળામાં રહેવા જતા રહ્યાં છે. કેમ કે, તેમના ઝૂંપડામાં પાણી ભરાઈ ગયા છે. કાદવ-કીચડ જામ થઇ ગયા છે. ઝૂંપડામાં જવા માટેની જગ્યા પણ નથી. અમુક લોકો જે ઝૂંપડામાં રહે છે તે લોકો ઢીંચણ સમા કાદવ કીચડમાં પણ ચાલીને બહાર આવે છે. અમે જયારે ફૂડ પેકેટ આપતા હતા ત્યારે તે લોકો અંધારું હોવાથી, માંડ માંડ બહાર આવીને ફૂડ પેકેટ લઇને ગયા. તેઓને અમે પૂછ્યું તો તેઓ કહે, અમે અત્યારે ત્યાં રસોઈ બનાવીને જમી શકતા નથી. અમારા ઝૂંપડા પવન સાથે વરસાદ આવતા તૂટી ગયા ને અમે લોકો સામે મંદિરમાં જઈને બેસી રહ્યા.

**- નયના, હેતલ**

## ભૂખ્યા રહેવાય પણ હાજત વગર રહેવાય ?

અસારવા વિસ્તારમાં રહેતા, વેસ્ટ રિસાયકલર્સ ક્લીબેન કહે, રાત્રે અમે સુઈ ગયા હતા અને વરસાદનું પાણી ઘરમાં આવી ગયું. ઘરમાં અમારો માલસમાન બધો પલળી ગયો અને અનાજ બધા પલળી ગયા. રાત આખી પાણી ઊલેચી ઊલેચીને હાથ-બાવડા

દુખવા લાગ્યા. વરસાદમાં પલળીને તો મારી દીકરીને તાવ પણ આવી ગયો. એક આખો દિવસ ખાવાનું પણ ના બનાવ્યું. અમારા સંબધીના ઘરેથી જમવાનું આપવા આવ્યા તે અમે જમ્યા અને પડોશીને જમાડ્યા. અતિશય વરસાદથી સંડાસ-બાથરૂમમાં પાણી ભરાતા કુદરતી હાજતે પણ ક્યાં જવાનું ? એક સમય ભૂખ્યા રહેવાય પણ હાજત વગર રહેવાય ? અમારો વેસ્ટ માલ બહાર રાખ્યો તો અમુક તણાયો ને અમુક માલ પલળી ગયો. ઘરમાં પણ પાણી ટપકે. રસોડાના ભાગમાંથી પાણી કાઢ્યું તે હાથમાં એલર્જી થઈ ગઈ. આમ, અતિશય વરસાદને કારણે ઘણી તકલીફો પડી છે.

**- નીતા પરમાર**

# મૂડી પાણીમાં તણાઈ ગઈ

કમળાબેન વેચનારા સિઝનેબલ ધંધો કરે છે. બાકીના દિવસોમાં શાકભાજીનો ધંધો કરે છે. જન્માષ્ટમી હોવાથી વધારે માલ સામાન ભરાવ્યો હતો. સામાનમાં પૂજા, ભગવાનના કપડાં-વાઘા ભરાવેલ. તેમની પાસે પૈસા ના રાખ્યા અને બધા રૂપિયાનો માલ લીધેલ હતો. પરંતુ જન્માષ્ટમીની રાત્રે વરસાદ પડવાથી રોડ પરના પાણી કમરથી ઊંચા ભરાઈ ગયા હતા. તેમના પરિવારના સભ્યો ધંધો કરતા હતા. પરંતુ લોકો બહાર જ ના નીકળી શક્યા. જેથી તેમનો ધંધો થયો જ નહીં. સામાન પલળી ગયો. તેમની પાસે જે પૈસા હતા તે બધા ધંધામાં લગાવી દીધા. હવે એક પૈસો પણ તેમની પાસે રહ્યો નહીં. કમળાબેન રડતા રડતા કહેવા લાગ્યા મારી તો મૂડી તૂટી ને પાણીમાં તણાઇ ગઈ.

**- મેધા પટણી**

# મૂડી પલળી ગઈ અને નફો તણાઈ ગયો

ધનીબેન લખુભાઈ વાઘેલા કાગળ કામ કરે છે. તેઓ કહે, અમે ભઠ્ઠા ગામ, વાસણા વિસ્તારમાં રહીએ છીએ. મારા ઘરની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. ઘરમાં બધે પાણી પાણી થઈ ગયું હોવાથી બધો જ સામાન ખાટલાઓ પર મુક્યો છે. ઘરમાંથી આખો દિવસ પાણી કાઢી કાઢીને હાથ અને ખભાઓમાં દુઃખાવો થવા લાગ્યો છે અને પગમાં પાણી ઉઠવાથી ચાંદા પડી ગયા છે. ભારે વરસાદને ઘરની બહાર પણ કીચડ થઈ ગયું હોવાથી ઘરની બહાર નીકળી શકાતું નથી. ઘર નાનું હોવાથી વેસ્ટનો બધો જ માલ પલળી ગયો. માલ ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયાનો હતો.

બહેન, ''બે દિવસ કમાવા તો ના જઈ શક્યા પણ જે વેસ્ટ ભેગો કર્યો તો, એ પણ પલળી ગયો. નફો તણાઈ ગયો.

# શાક, ફળ, દાણાં કોહવાઈ ગયા

તા.૨૭/૮/૨૪ના રોજ જમાલપુર માર્કેટમાં ત્રણ દિવસથી વરસાદના કારણે ત્યાં વેચનારા સભ્યોના માલ સામાનને પણ ઘણું નુકસાન થયું છે. તેમની લારીમાં રાખેલા ફ્રુટ-શાકભાજી કોહવાઈ ગયા. ત્યાંથી બગડેલો માલ ફેંકી દેવો પડ્યો. રૂ. ૧૦૦૦થી ૧૫૦૦નું નુકસાન થયું છે.

વરસાદના લીધે કાદવ-કીચડ ખૂબ જ થયો છે પણ આટલા દિવસથી ધંધો બંધ હતો અને વરસાદ બંધ થતા લોકો કાદવ અને કીચડમાં બેસીને વેચવા માટે મજબૂર થયા છે.

બ્રીજ નીચે પણ વેચતા સભ્યોની પરિસ્થિતિ પણ બહુ ખરાબ થઇ ગઈ છે. ત્યાં બ્રીજ ઉપરથી પાણી પડતું હોવાથી તેમના માલ સામાન અને આરોગ્ય પર પણ અસર થઇ છે. સતત વરસાદને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. સ્કૂલ-કોલેજમાં સાતમ આઠમની રજા હતી પણ વરસાદના કારણે રજાઓ પણ લંબાવી છે. તેથી બાળકોના અભ્યાસ પર પણ અસર થઇ છે.

**- હેતલ પરમાર**

# ટેમ્પામાં રાત કાઢી

તા.૨૫/૮/૨૪ના સોમવારના રોજ વરસાદ વધારે હોવાથી અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં પ્રવાસી કામદારો છે જેઓ વસાહતમાં રહે છે ત્યાં પાણી ભરાઈ ગયા. વધુ વરસાદને લીધે સભ્ય બેનને મેં ફોન કર્યો કે, વરસાદનું પાણી ભરાઈ ગયું હોય તો વસાહતની સામે હોલ છે ત્યાં તેમાં જતા રહો. આખી રાત વરસાદ આવ્યો અને સવારે બે વસાહતમાંથી સભ્ય બહેનોનો ફોન આવ્યો કહે બેન, આખી રાત બેઠા રહ્યા છીએ. નાના બાળકોને લઈને ક્યાં જઈએ ? કોઈ જોવા પણ નથી આવ્યા કે કોઈ એક બીજાને ફોન પણ નથી કર્યો. મેં તેમને સાન્તવના આપી કહ્યું, તમે ચિંતા ના કરો હું ત્યાં આવું છું ત્યાં આપણે બધા મળીને હાલની પરિસ્થિતિ જાણીએ. હું વસ્ત્રાલ વસાહતમાં ગઇ અને એક પછી એક બેન પોતાની આપવીતી કહેવા માંડી, ''અમે બહારગામથી અહીંયા કામ કરવા આવીએ છીએ, અહીંયા કોઈ અમને ઓળખતા નથી. આખી રાત અમે ખાધા પીધા વિના ટેમ્પામાં બેઠા રહ્યા છીએ, તો અમારે માટે કંઇક ખાવાની સગવડ કરો તો સારું.'' એ વખતે ત્યાં આજુ બાજુની ચાની કીટલી અને હોટલમાંથી ચા-બિસ્કીટ લાવી બાળકોને અને સૌને ખવડાવ્યા.

**- સોનલ પટેલ**

# કોર્પોરેશન સાથે ખભેખભા મિલાવી રાહત

તા.૨૭/૮/૨૪ના રોજ સેવામાં અતિવૃષ્ટિની મીટીંગ કર્યા બાદ વિસ્તારમાં સભ્યોની પરિસ્થિતિ જાણવા ગયા. પૂર્વીબેન સાથે હોળી ચકલા ગયા ત્યારે કોર્પોરેશન દ્વારા પાણી તેમજ કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો હતો. સભ્યો સાથે વાત કરતા જાણવા મળ્યું કે તેમના શાકભાજી તેમજ ફ્રુટ વરસાદમાં પલળી ગયા હોવાથી અને ઘરાકી બિલકુલ ના હોવાથી તેમની મૂડી તૂટી ગઈ, તેમજ માલ પણ બગડી ગયો.

ત્યારબાદ બારસોવાળી ચાલીમાં પાણી ઊતરી ગયા હતા પરંતુ કાદવ કીચડ રહ્યો હતો તેમજ શાંતિનગરમાં વરસાદના પાણી ભરાઈ જવાથી પથ્થરો બેસી ગયા હતા. તેમજ અર્બન હેલ્થ સેન્ટર પર જઈને ગંદકીની સફાઈ તેમજ દવાના છંટકાવ માટે જમનાબેનને લઈને અર્બન સેન્ટરમાં ગયા તેમજ ધુમાડો કરવાનું કહ્યું.

**- ચંપા પટણી**

# ફાટેલા કપડાં સીવાય પણ ફાટેલું આભ સિવાય?

મારું નામ ફાતમાબાનું સલીમભાઈ શેખ છે. હું એક સિલાઈ કામદારબેન છું. વરસાદનો માહોલ હોવાથી મેં મારું સીવવાનું કામ તો બે દિવસથી બંધ જ રાખ્યું હતું પણ વધારે વરસાદ આવવાથી મારા ઘરમાં પાણી આવી ગયું હતું. જેથી મારા ઘર પર અને બાળકો પર તેની ખૂબ માઠી અસર થઇ હતી. ભેજવાળું વાતાવરણ થવાથી મારા ઘરના બંને પંખા શોર્ટ સર્કીટ થઇ ગયા હતા. જેના કારણે મારા લાઈટ ખર્ચમાં વધારો થયો હતો અને આના કારણે મને મારા બેઉ નાના બાળકોને પણ ઘણી તકલીફ પડી છે. એક તો ઘરમાં પાણી અને લાઈટ અને પંખામાં શોર્ટ સર્કીટ થવું. નાના બાળકો તો ઘરના પાણીમાં પણ રમવા લાગે એમને વધારે સાચવવું અને પછી થોડું વરસાદ શાંત થતા ઘરના પાણી ડોલોથી ઊંચકીને બહાર કાઢ્યું. એના કારણે હાથ-પગ અને કમર અને ઠંડકવાળું વાતાવરણ જેના કારણે તબિયત પણ થોડી નરમ ગરમ જેવી થઇ ગઈ હતી. બાજુમાં જ અર્બન હેલ્થ સેન્ટર છે પણ પાણી ભરાઈ જવાના કારણે ત્યાં લેવા જઈ શકાય તેવું પણ ન હતું.

ઘરમાં પાણી ભરાવવાથી ઘરના નાના મોટા સામાન જેવા કે પલંગ, તિજોરી, મોટા ડબ્બાઓ જેને ઉપર ઊંચકીને મૂકી ના શકાય એ વસ્તુ અને એમાં મુકેલ અનાજને પણ નુકસાન થયું હતું. નાના બાળકોને ખાટલા ઉપર ખાટલા મુકીને તેમને એક બાજુ બેસાડ્યા હતા અને બાજુવાળા બેનનું નાના ટેબલ પંખા લગાવીને કામ ચલાવ્યું હતું જેનાથી બાળકોને મચ્છર ના કરડે અને ઘરમાં થોડું સુકાઈ જાય અને બેસવાની જગ્યા પણ થાય થોડી.

આગળની ચાલીમાં મારા મોટાબેન રહે છે તેમના ઘરેથી અમારા માટે બે ટાઈમનું જમવા માટે આવ્યું હતું. એક તરફ ઉપર છતમાંથી પાણીનો ભરાવ. ખૂબ જ અઘરું પડી જાય છે. કારણ કે નાના બાળકો માટે તો ઘરમાં ભરાઈ રહેલ પાણી પણ રમવા માટે છે એવું એમને લાગે છે પણ આપણા ઘરમાં રહેનારી બહેનને જ ખબર છે કે આવી પરિસ્થિતિમાં બાળકોને અને પોતાની જાતને કઈ રીતે સંભળાવું અને ધ્યાન રાખવું. પોતાનું અને પોતાના પરિવારનું કેટલું અઘરું પડે છે અને શારિરિક રીતે પણ ઘણા પ્રશ્ન ઊભો થઇ જાય છે.

**- રેશ્મા**

# બરસાત કી રાત મેં ભીગા મેરા ભવિષ્ય

મેરા નામ રોજીદા ખાતુન હે. મે કુર્તી મે બટન લગાને કા કામ કરતી હું. ઓર રોજ કા ૫૦, ૬૦ રુ. કા કામ કર લેતી હું. યે ૩ દિન બહોત બારીશ હુઈ થી. ઇસ સે હમારે ઘર મેં બહોત પાણી ભર ગયા થા ઓર ગટર સે ભી પાની બહાર આ રહા હતા. પુરે ઘર પાની હો ગયા થા. મેરા ઘર છોટા સા હે ઉસમે હમ મિયાબીબી, મેરે સાસ સસુર ઔર ૨ દેવર રહતે હે. પાની ભરાને કે કારણ ઘર મેં થોડા સા નુકસાન હુઆ હે. મેરા માલ ભિગ ગયા થા ઉસે ઉઠા નેમેં ઘર કા સામાન ભીગ ગયા. માલ કો તુરંત સુખાયા. પંખે નીચે રસ્સી બાંધી ઓર સબ માલ સુખાયા ઉસ પર. ફિર મૈને માલવાલે ભાઈ કો ફોન કિયા. માલ લે જાને કે લિયે કહા. શામ કો થોડી બારીશ રુકિ ઓર પાની ઉતરા તો માલવાલ ભાઈ આયા ઓર માલ લે ગયા. મેરા ક્યા હોગા ?

મેરે ઘર મેં થોડા અનાજ થા વો ભી ભીગ ગયા થા. ઉસ દિન હમારે ઘર મેં પાની થા. તો પુરા દિન હમને કુછ નહી ખાયા ઓર સબ સામાન ઉઠા કે રખા ખાટ પર. ઓર ફીર પાની ઉતરા તો સબ સામાન ઉઠા કે અચ્છે સે રખા ઓર ખાના બનાયા. ફિર રાત મે હમને ખાયા. મેરા આદમી ભી ઘર પર હિ થા. ઉનકા કામ ભી બંધ થા. બહાર પાની ભર ગયા થા ઇસલિએ. મેરા માલ ભીગ ગયા થા તો દેખતે હૈં માલવાલે ભાઈ નુકસાન કે પૈસે કાટ તે હે યા નહી. હમારા ક્યા હોગા ?

મેરા નામ કૌશલ જહા હે. મેં હબીબ ઉલ્લાહ શેઠ કી ચાલી મે રહેતી હું. મેં કુર્તી બટન લગાને કા કામ કરતી હું. મેં રોજ ૧૦૦ સે ૧૫૦ રૂપિયા કા કામ કરતી હું. યે ૩ દિન બહોત બારીશ હુઈ હૈ ઔર ઉસસે હમારે ઘર મેં પાની ભર ગયા થા. મેરા ઘર છોટા હે. બારીશ કા પાની ઘર મેં ના આયે ઇસલિયે હમ બહાર કી સાઈડ ખડે થે. લેકિન ગટર મેં સે પાની ઉભરાયા ઓર પૂરે ઘર મેં પાની પાની હો ગયા. હમારે ઘર કી દિવાલો મેં ભી પાની ઉતરતા હૈ. ઇસ સે મેરા માલ ભીગ ગયા થા. લેકિન મૈને થોડા ભીગા હુઆ માલ મેરે મામી કે ઘર ભિજવા દિયા થા. ઉનકા ઘર મેરે ઘર કે ઉપર હૈ લેકિન, માલ બચાને મેં મેરે ઘર મેં અનાજ ભીગ ગયા થા. ઉસ દિન હમને ખાના

નહીં બનાયા. ફીર મેરી મામીને હમે ખાના બના કર દિયા થા. હમ ઘર મેં ચાર લોગ રહેતે હૈ. મેં મેરી અમ્મી કે ઘર રહેતી હું. મેરે ઘરવાલે મુજે ૧૦ સાલ પહેલે હી છોડ કે ચલે ગયે થે ઓર મેં એક હી હું ઘર મેં કમાને વાલી. મેરી અમ્મી હમે બચાતી હે. મે મેરી અમ્મી ઓર દો બચ્ચે ઓર મે પુરે ઘર કા ગુજરાન ચલાતી હું. બારીશ કે પાની કે કારણ હમને સબ સામાન પલંગ પર રખ દિયા થા. લેકિન પલંગ થોડા ભીગ ગયા થા ઓર જબ પાની ધીરે ધીરે ઉતરા તો સબ સાફ સફાઈ કી. ફિર સબ સામાન ઠીક સે રખા. અલ્લાહ કા શુકર હૈ જ્યાદા માલ નહિ ભીગા.

મેરા નામ સાલમા બાનું હૈ. મે સિલાઈ કામ મેં દુપટ્ટો પર લેશ લગા ને કા કામ કરતી હું. રોજ ૧૫૦ રૂપિયા કા કામ કરતી હું.

અભી, જો યે બારીશ હુઈ હૈ ઉસે હમારે ઘર મેં પાણી ભરાયા હૈ. મેરા છોટા સા રૂમ હૈ ઓર ઉસમે તેજ બારીશ કી વજહ સે ઘર મેં પાની ભરા ગયા થા. ઓર દીવાલો સે ભી પાની ગીરતા થા. ગટરે ભી ઉભરાઈ થી. જેસે હમારે રૂમ મે જ્યાદા પાની ભરા ને લગા તો હમને સબ માલ ઉઠા કે ઉપર રખા. લેકિન માલ સંભાલ ને મેં ઉપર રખ ને મેં મેરે ઘર કા અનાજ ભીગ ગયા. સબ પાની મેં દાલ, ચાવલ, આટા સબ ભીગ ગયા. સિલાઈ માલ ભીગ જાતા તો મુજે નુકસાન ભરના પડતા લેકિન ફિર ભી ભેજ કે કારણ મેરા માલ થોડા ભીગ ગયા. અબ હમને પંખે નીચે રખા હૈ.

તેજ બારીશ કે, કારણ મેરા સારા અનાજ ભીગ ગયા તો હમને તીન દિન સે કુછ ખાના બનાયા નહીં. ઔર મેરી પાંચ લડકીયા હૈ. હમને સામને દુકાન સે પેકેટ લાયે ઓર ખાયે ઔર બચ્ચોં કો ખિલાયે. મેરે ઘરવાલે રીક્ષા ચલાતે હૈ લેકિન બહાર પાની ભરાયા હુઆ થા સબ જગા તો ઉનકા કામ ભી બંધ થા. વો ભી ઘર હી થે. ઇસ સે હમારી આવક ભી રુકી હૈ. મેરે કો અભી લાઈટ બિલ ઓર ગેસ કા બાટલા લાને કા હૈ. ગેસ ચલા ગયા થા તો આજુબાજુ મેં સે ઉધાર લીયા હૈ. અબ જબ પૈસે આયેંગે તો ઠીક જમા કે ઉનકો દેંગે.

જ્યાદા બારીશ કે કારણ હમારે વહાં લાઈટ ભી આતી જાતી થી. બહાર શોર્ટ સર્કિટ હુઆ થા તો અમારે ઘર મેં લાઈટ કી સ્વીચો મેં કરંટ આતા થા. બચ્ચો કો કરંટ લગને કા ભી ડર રહેતા થા. બારીશ મેં મેરી મશીન ભીગ ગઈ થી. રુક રુક કે ચલતી હૈ. અભી બારીશ ઓર ઠંડક કે કારણ મેરી ઓર બચ્ચોં કી તબિયત ભી ખરાબ હૈ. શરદી-બુખાર હૈ. અભી દવા લાને કા ભી પૈસા નહિ હૈ. ઇસકે પપ્પા અબ ધંધે પર જાયેંગે તો કુછ પૈસે લાયેંગે તબ જાકે ઘર મેં કુછ ખાને કા અનાજ ભરુંગી.

**- અનીષા બાગબાન**

વિકાસ થાય તે સારું, આવક વધે તે સારું. રોજી સારી, અને રોટી મળે તે સારું પણ જ્યારે વરસાદના કારણે ગરીબ કામદાર બહેનોની રોજીરોટી નહીં પરંતુ ભવિષ્ય પલળી જાય છે ત્યારે કોણ વિચાર કરશે કે વરસાદથી સુરક્ષિત રોજી, રોટી, રહેઠાણ, અને ભવિષ્ય કેવી રીતે રચીશું ?

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-8, 6-9-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]